# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૦ • તા.૨૭ થી ૨ સપ્ટેમ્બર ૨૦૨૨




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## રાયપુર સંઘનું કુંથુનાથ જિનાલય



# રાયપુર સંઘમાં રજત જયંતિ નિમિત્તે થઈ રહેલી ભવ્ય ધર્મ આરાધનાઓ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# ક્ષમા માંગનાર કરતાં આપનાર મહાન છે

જૈન ધર્મના સર્વ પર્વોમાં ઉત્કૃષ્ટ, ઉતમ અને અદ્‌ભૂત પર્વ કોઈ હોય તો એ પર્યુષણ મહાપર્વ છે. પર્યુષણ મહાપર્વનું હાર્દ છે ક્ષમાપના જીવને કર્મબંધનથી મુક્તિ આપી જીવને શિવ ચરણે પહોંચાડે છે.

ક્ષમાં માંગવી એ માત્ર શારીરિક ક્રિયા નથી. ભૂલ તો જીવ માત્રથી થાય પણ ભૂલ થવાનો પશ્ચતાપ થાય, શુદ્ધ હૃદયથી માફી માંગવાનો સંકલ્પ ઊંડાણ માંથી પ્રગટે એ હૃદય પરિવર્તનની ઘટના ઉચ્ચ પ્રકારની બને છે. ક્ષમા એ ઋણ મૂક્તિનો મારગ છે. દૈનિક, પાક્ષિક ચાર્તુમાસિકે સાંવત્સરિક એ ચાર મુખ્ય ક્ષમાપનાના પ્રકાર છે. રોજે રોજ નહીં તો સાંવત્સરિક ક્ષમાપના દરેક મનુષ્ય કરવી જોઈએ.

અંતકરણ પૂર્વકની આરાધના એટલે શુદ્ધ ભાવથી યાચેલી ક્ષમા ક્ષમા માંગવી ક્ષમા આપવી અને ક્ષમા રાખવી. એ ત્રિપદી ક્રિયા માનવીને ઉચ્ચ આસને બિરાજમાન કરે છે. હૈયું વિનમ્ર બને ત્યારે ક્ષમા માંગી શકાય, હૈયું વિશાળ બને ત્યારે ક્ષમાં આપી શકાય અને હૈયું પૂર્ણ પણે વિમલ બને ત્યારે ક્ષમા રાખી શકાય. ધારી શકાય, ક્ષમા દ્વારા સાચી સાધના આરંભી શકાય છે. ધર્મ આપણને શીખવાડે છે કે કેવળ મનુષ્ય યોનિની ક્ષમા માંગવાની નથી સમસ્ત અને સકળ જીવયોનિની જીવરાશિની ક્ષમા માંગવાની છે.

ક્ષમાભાવ જાગે એ મોટી હિંમત છે. કોઈની પાસે માંગવું એટલે યાચના કરવી. યાચકના હાથ જોડેલા હોય, ભાવ નમ્ર હોય અને આંખોમાં દયા યાચનાની લાગણી હોય ક્ષમાને વીરજનોના ભૂષણ-આભૂષણ, શણગાર તરીકે ઓળખવામાં આવ્યો છે. અલંકાર કે આભૂષણ વિશિષ્ટ હોય. અદ્‌ભૂત હોય અને અણમૂલા હોય છે. જે ધારણ કરવાર શોભી ઉઠે છે અને મૂલ્યમાન થઈ ચળકે છે. ક્ષમા આપવા ઉદારતા અનુકંપા અને અંતરમાં બીજા પ્રત્યે અનુરાગ જોઈએ. અંતરમાં આદ્રતા હોય, નજર નીચી હોય જેથી ક્ષમા માંગનારની આંખમાં આંખ ન મળી શકે જેથી તેની લાચારી જોઈ પોતાનામાં ગુમાન ન આવે. મનની કડવાશ અને ઉપકાર ભાવથી હળવા થઈને પવિત્ર માંગલ્ય માહોલ થાય એ માટે ઉદારતા થી ક્ષમા આપનાર મહાન છે. તેથી જ તો ક્ષમા વીરસ્ય ભૂષણ કહેવાયું છે. ક્ષમા વિના કોઈ સાધના કે આરાધના સાર્થક થતી નથી. માટે જ ક્ષમા માંગનાર કે આપનાર પોતાના ઉર અંતરનો ઉપશાંત શાંત, હળવો અને શીતલ કરી દે છે. એ સાચો આરાધક બને છે. ક્ષમાનો ભાવ જેટલો નિઃસ્વાર્થ જેટલો નિર્મળ થાય એટલું જીવન જળ શુદ્ધ અને પાવન બને છે. કોઈની નિંદા, કુશલી કરીને કે ખોટી ચર્ચામાં વખત ગમાવી ચર્ચાના ચકડોળમાં ફરવું. રાગ, દ્વેષ, ઈર્ષાનાં હતી ટ્રેપમાં સપડાયા આપીને ઉન્નત થઈએ જીવનો ઉત્પાત શાંત કરીએ. હૃદયની નિર્મળતા અને અંતરના કરૂણાથી ઉદારદિલથી પરસ્પર સમાપના કરી મૈત્રી ભાવને સુદ્રઢ કરીએ અને આરાધક થઈએ.

સૌને મિચ્છામિ દુક્કડમ

– જય જ્ઞાતિમૈયા

# ક્રોધ એટલે શક્તિનો સ્ત્રોત




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

ક્રોધ જ્ઞાનીએ ઉપદેશ આપતાં કહ્યું છે કે કોઈપણ ક્રિયાની પ્રતિક્રિયા આપતાં પહેલા એના પર પૂરતો, દીર્ઘ રીતે, ગહનતાપૂર્વક વિચાર કરી લેવો પછી જ પ્રત્યાઘાત આપવા જેથી અનર્થ ટળી શકે. કોઈ આપણું અપમાન કરે, આપણી માનહાનિ કરે, આપણા પર ગુસ્સો કરે. એવા પ્રસંગો એ આપણે પણ ઝટ પ્રક્રિયા આપી ગુસ્સે થઈ જઈએ પણ ખરું જોઈ એ તો એવી ક્રિયા પર ત્વરીત પ્રક્રિયા આપવા આપણા મગજ પર પડદો પડી જાય છે અને મનમાં ગુસ્સો પ્રગટે છે. ત્યારે જે ફેરફાર થાય છે તે જાણી લેવા જોઈએ.

ક્રોધ આવવાથી મન ક્રોધિત થાય છે સાથો સાથ મન કંપી ઉઠે છે. શરીરમાં એડ્રીનલ અને કાટ્રીઝોલ નામના હોર્મોન અધિક ગણા થઈ જાય છે. જે અનેક ઘણી તાકાત પ્રદાન કરે છે. બળ, શક્તિ પેદા કરે છે. આ શક્તિ આપણે ગુસ્સો કરવામાં વેડફી દઈએ છીએ. વાપરી નાંખી દઈએ છીએ. આ બળ, તાકાત કે શક્તિ યોગ્ય દિશામાં વાળવામાં આવે તો ધાર્યું પરિણામ મેળવી શકીએ છીએ.

વિજ્ઞાનશાસ્ત્ર વિષય શીખવતી વખતે વરાળની તાકાત બતાવવા પાણી ભરેલા અને ઢાંકણ આચ્છાદિત તપેલાને ગેસ પર ગરમ કરવા રાખતા એક સમય એવો આવે છે કે એકદમ ઉકળતું પાણી ઢાંકણાને ઉપર નીચું કરતું રહે છે. જે વરાળની તાકાત દર્શાવે છે. આ સિધ્ધાંતનો ઉપયોગ જૂના વરાળ એન્જિન ઉપર કરાઈ વરાળની તાકાતથી ટ્રેનો દોડાવાઈ એવી જ રીતે ક્રોધની તાકાતને ઠંડુ દિમાગ રાખી જીવનમાં કંઈક કરી બતાવવાની આંકાક્ષા રાખી તેની પૂર્તતા પર ફોક્સ કરીએ તો જરૂર પ્રગતિ પથ પર આગળ વધી શકીએ.

કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. ભૂલ બધાની થઈ શકે છે. પણ એ પ્રત્યે ઉદારતા ભાવ રાખી ગહનપૂર્વક વિચારણા કરીને પછી જ પ્રત્યાઘાત આપવા જોઈએ. મોંઢાથી નીકળેલા કટુવેણ સામે વાળાને જરૂર ઘાયલ કરે છે. પાછળથી વાસ્તવિકતા સમજી સામેવાળી વ્યક્તિની ક્ષમા માંગીએ તો પણ તેના દિલ પર પડેલા ઘાવ ભરી શકાતાં નથી. ક્રોધની શક્તિમાં એટલી તાકાત છે તેને રચનાત્મક સ્ત્રોત તરફ વાળીએ તો જરૂર સકારાત્મક પરિણામ આપી શકે છે. જરૂર છે બદલાવ ઈચ્છવાની. ક્રોધને અટકાવી તેને સાચી દિશામાં વાળવાની તે માટે સંનિષ્ઠ પ્રયત્ન કરવાની કાર્ય કઠિન છે પણ અશક્ય તો નથી જ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રાયપુર સંઘમાં રજત જયંતિ વર્ષ નિમિત્તે
# થઈ રહેલી ભવ્ય ધર્મ આરાધના








શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર આ વર્ષે તેનો રજત જયંતિ વર્ષ ઉજવી રહ્યું છે. જ્ઞાતિજનોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સંઘ દ્વારા જે પણ જાહેરાત કરવામાં આવે છે તેમાં હોંશે હોંશે ભાગ લઈ ધર્મ આરાધનાઓ લોકો કરી રહ્યા છે. આ વખતે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના મુખ્ય લાભાર્થી માતુશ્રી મંજુલાબેન કુલીનકાંત ખેતસી જિવાણી પરિવાર, કચ્છ ગામ-જખૌવાળા એ લીધેલ છે.











*|| શ્રી શાંતિનાથાય નમઃ ||*

સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શિતલછાયામાં

## પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ. સા., પ.પૂ. સા. શ્રી ૠજુપ્રજ્ઞાશ્રીજી મ. સા.

આદી ઠાણા - ૮, ની શુભનિશ્રામાં પર્વની આરાધના કરવા માદરે વતન સંઘ ટ્રેન દ્વારા પ્રયાણ કરી રહ્યો હોય ત્યારે સંઘપૂજન કરવાનો અમને અમુલ્ય લાભ પ્રાપ્ત થયેલ છે.

સોમવાર, તા. ૨૨-૦૮-૨૦૨૨

## રૂા. ૧,૧૦૦/- ના શ્રી સંઘપૂજન લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો

૧] શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા - ઘાટકોપર
૨] શેઠશ્રી શામજી નરશી દંડ - મુલુંડ
૩] શેઠશ્રી શામજી માણેકજી લોડાયા - થાણા
૪] માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા - મુલુંડ
૫] માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ - મુલુંડ
૬] માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા - ડોમ્બિવલી
૭] માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા - મુલુંડ
૮] શ્રી મેઘજી કુંવરજી ખોના હ. વિરચંદ ખોના - ડોમ્બિવલી
૯] માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ - મુલુંડ
૧૦] નિયાંશ અજીત નવીનભાઈ લોડાયા - અમેરિકા
૧૧] અ.સૌ. પ્રિતીબેન પ્રકાશ લોડાયા - થાણા
૧૨] માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના - ગાંધીધામ
૧૩] માતુશ્રી જયાબેન મણીલાલ દંડ હ. દિપકભાઈ દંડ - માટુંગા
૧૪] દિનેશ રામજી લોડાયા - મુલુંડ
૧૫] માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ - મંજલ રેલડીયા, ભાંડુપ

## રૂા. ૫૦૧/- ના શ્રી સંઘપૂજન લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો

૧] શ્રી મણીલાલ ભવાનજી લોડાયા - ભાંડુપ
૨] માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા - મુલુંડ
૩] શ્રી ભવાનજી નરશી દંડ - મુલુંડ
૪] અ. સૌ. જયશ્રીબેન જવેરચંદ ખોના - ડોમ્બિવલી
૫] વર્ધમાન પદમશી લોડાયા - વિઠ્ઠલવાડી
૬] માતુશ્રી નવલબાઈ મણીલાલ દંડ - ગોરેગામ
૭] શ્રી ભરત મેઘજી ખોના- ડોમ્બિવલી
૮] રોહીત કાનજી દંડ - દેવલાલી
૯] માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ - મુલુંડ
૧૦] માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ - ભાંડુપ
૧૧] માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ - વાપી
૧૨] શ્રી દામજી નરશી દંડ - ભાંડુપ
૧૩] અ. સૌ. દિવ્યાબેન ઉમેશ ખોના - ડોમ્બિવલી
૧૪] માતુશ્રી વિજયાબેન ખીયરાજ ખોના - ઘાટકોપર
૧૫] માતુશ્રી રતનબેન હીરાલાલ લોડાયા - ભાંડુપ
૧૬] માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ હ. રાયચંદ દંડ - મુલુંડ
૧૭] શ્રી મુલજી માણેકજી લોડાયા - ચેમ્બુર
૧૮] પ્રવિણ માણેકજી લોડાયા - થાણા
૧૯] માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા - લોકાપુર
૨૦] શ્રી નવીનભાઈ દેવણાંત લોડાયા - મુલુંડ
૨૧] કિશોર દેવણાંત લોડાયા - ડોમ્બિવલી
૨૨] શ્રી રસીકભાઈ દેવરાજ લોડાયા- મુલુંડ
૨૩] માતુશ્રી લાખબાઈ કાંતીચંદ ખોના - ઘાટકોપર
૨૪] માતુશ્રી લિલાવંતીબાઈ વિસનજી સોની, જખૌ-કાંદીવલી
૨૫] શ્રી વિરચંદ નરશી સોની, સુથરી - જુહુ
૨૬] શ્રી જવેરચંદ સોજપાલ મૈશેરી, નાનીસિંધોડી- ડોમ્બિવલી
૨૭] અ. સૌ. મિનાબેન ટોકરશી નાગડા, નલિયા - ડોમ્બિવલી
૨૮] અ. સૌ. સાધનાબેન રાજેશ મૈશેરી, મોટીસિંધોડી - ડોમ્બિવલી
૨૯] અ. સૌ. નિતાબેનવિજય લોડાયા, મોટીખાવડી - ઘાટકોપર
30] માતુશ્રી પ્રીયા દેવેન્દ્ર મોમાયા, હ. ધ્રુવિકા ધૃવાંશ, સાંયરા- ડોમ્બિવલી
31] અ.સૌ. સરલાબેન શાંતિલાલ દંડ - ડોમ્બિવલી
3૨] અ.સૌ. નયનાબેન ગૌતમ લોડાયા, રવા - અમદાવાદ
33] જીત કાજલ ધનરાજ લોડાયા, સુથરી - દીવા

**શ્રી સંઘપૂજન ના સર્વે લાભાર્થી પરિવારોનું**
**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ**
**ભુરી ભુરી અનુમોદના કરે છે.**

# વિવિધ સંઘો શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની અપીલને માન આપી રહ્યા છે




શ્રી કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બેંગલોર




શ્રી કે.ડી.ઓ. જસાપર જૈન મહાજન




શ્રી કે.ડી.ઓ. વડોદરા સંઘ

શ્રી શાંતિનથાય નમો નમ:

# મુંબઈગરાઓ વાજતે ગાજતે પહોંચ્યા સાંધવ નગરે

**સાંધવ નગરે શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી પ.પૂ. સાધ્વી હીતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદીથાણા-૨ ની શુભ નીશ્રામાં ગાંધીધામથી સાંધવથી પંચતિથિ તા.૨૩/૮/૨૨ ના એક બસ એક તોફાન દ્વારા કરવામાં આવેલ**

તેનું લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ પરિવાર લિધેલ

**મુંબઈ થી ૨૨/૦૮/૨૦૨૨ ના સયાજી એક્સપ્રેસ દ્વારા મહાપૂર્વ પર્યુષણ ઉજવવા બહોળી સંખ્યામાં આરાધકો નું દાદર થી સાધવ તરફ પ્રયાણ**

તારીખ ૨૩/૦૮/૨૦૨૨ ના ગાંધીધામ સ્ટેશન પર આગમન બસ અને તૂફાન દ્વારા આદિપુર પ.પૂ.સાધ્વીજી કનકગુણા મ.સા. દીકરી મ.સા. હિરગુણાશ્રી મ.સા. આદિથાણાને વંદન કરી ભદ્રેશ્વર તીર્થ પૂજા પાઠ દેવદર્શન કરી નવકારશીનો લાભ

માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના પરિવાર ગાંધીધામ લીધેલ

રામણીયા ગામે પ પૂ સાધ્વીજી શ્રી અનંતગુણાશ્રીજી મહારાજ સાહેબ
આદિથાણા ને વંદન કરી કાંડાગરા ગામેં
પ.પૂ. મુનીરાજ કંચનસાગર મ.સા. તથા પ પૂ સાધ્વી કિરણકલાશ્રીજી મ.સ.ને
વંદન કરી રાયણ તીર્થ એ પ.પૂ. સાધ્વી ચારુયશાશ્રીજી મ.સા.
અને પ.પૂ.સાધ્વી મ.સા. અનંતયશાશ્રીજી મ.સા. ને
વંદન કરી સાધર્મિક ભક્તિ નો લાભ આપી
બાડા ગામે પ પૂ સાધ્વી નંદિવર્ધનશ્રીજી મ.સા. આદિથાણા ને વંદન કરી બાંભડાઈ ગામે
પ.પૂ.સાધ્વી કાવ્યગુણાશ્રીજી મ.સા. ને વંદન સુથરી ગામ
પ.પૂ. મુનીરાજ મુક્તિરત્નસાગર મ.સા. ને વંદન કરી ચા-પાણીનો લાભ આપી
સાંધવ ૬ કલાકે પ્રસ્થાન સંઘનું સામૈયું કરવામાં આવેલ
ગામે ગામ સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ
દરેક સંઘ તરફથી ૧૦ રૂપિયાની પ્રભાવના કરવામાં આવેલ
સાંધવથી એક તુફાનમા ચાતુર્માસ આરાધકો ને તેરા, નલિયા, જખૌ, સુથરી, કોઠારા પણ તિર્થ કરવાનું સંપૂર્ણ લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ મુલુંડ પરિવાર લાભ લીધેલ

દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના આવા શકત કાર્ય કરતા રહેજો

જય જય શ્રી શાંતિનાથ

# પર્યુષણ પર્વના અવસરે વિવિધ નગર જિનાલયોમાં
# આંગી રચના કરી થતી ભક્તિ ધર્મ આરાધના




હાલાર પ્રદેશના મોટી ખાવડી નગરે ચંદ્રપ્રભ દાદા તથા શંખેશ્વર દાદાની ભવ્ય આંગી રચના કરાઈ રહી છે પ્રથમ દિવસના અદ્‌ભૂત દર્શન.




દ્વિતીય દિવસે શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં શ્રી સહસ્ત્રફણા પર્યુષણ પર્વના પાર્શ્વનાથ દાદાની કરાયેલી આંગી રચનાના દર્શન લાભ.




અબડાસા પ્રાંતના સાંધણ મંડન શ્રી શાંતિનાથ દાદાની આંગી રચના અદ્‌ભૂત લાઈટ સુશોભન દ્વારા પ્રથમ દિવસે કરાઈ




માંડવી કચ્છના શ્રી અજિતનાથ દાદા દેરાસરે પ્રથમ દિવસે તા.૨૪ ઓગસ્ટ બુધવારના અદ્‌ભૂત આંગી રચનાના દર્શન.



બંદરીય શહેર માંડવીના શ્રી અજિતનાથ દાદાને દ્વિતીય દિવસે કરાઈ અનોખી આંગી રચના સૌનું મન મોહી લીધું.



ઐતિહાસિક તીર્થ ધામ કોઠારાના શ્રી શાંતિનાથ ભગવાનને દ્વિતીય દિવસ તા.૨૫ ઓગસ્ટ ગુરૂવારના ભવ્યભાવથી કરાયેલ આંગી



ગુજરાતના માંડવી-કચ્છના અજિતનાથ દેરાસરમાં ત્રીજા દિવસે ભવ્ય ભાતની આંગી કરી ભક્તિ કરાઈ

# કેડીઓ સંજીવની યોજનાના ડાયમંડ પેટ્રોન થનાર દાતાની ઉદારતાને સલામ

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**ચાંદની મિલન મહેશ્વરી**

કચ્છ-જખૌ, પુને

**સંજીવની ડાયમંડ પેટ્રોન Rs. 1,00,000**

પરોપરકારનો અર્થ એટલે અન્યોની ભલાઈ કરવી. પોતાના સ્વાર્થને વિસરી અન્યને ઉપયોગી બનવું એ ખરો ધર્મ છે. આ સત્ય અને સનાતન વાક્યને આચરણમાં મૂકનાર યુવા દાતા ચાંદની મિલન મહેશ્વરી જખૌ-પૂના એ રૂા.૧ લાખની માતબર રકમ સંજીવની યોજનામાં નોંધાવી ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયા છે. પર્યુષણ પર્વ જેવા તપ, જપના તહેવારોમાં અન્ય જનો પ્રત્યે લાગણી ભાવ રાખનાર દાતાની ઉદારતાને સો સો સલામ.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજનામાં આધાર બનનાર દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના


કડીયો દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

## AMVIGOR ORGANICS PRIVATE LIMITED

## દિવ્યાંગ પાલક

## Rs. 1,00,000

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજનામાં આધાર બનનાર દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના

KDO

કંડીઓ દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## ડૉ. ધીરેન લાલજી શાહ
## શ્રીમતી સુષ્મા ધીરેન શાહ

જખૌ, USA

# દિવ્યાંગ શક્તિ

## Rs. 25,000

હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના

સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિની અનોખી યોજના જે જ્ઞાતિના નબળા, પામર અને પ્રભુની અપૂરતી કૃપા પામેલ જ્ઞાતિજનોને ખરેખર શારિરીક તથા માનસિક આધાર આપે છે. પ્રકૃતિ અને નિયતી સામે લડવા હૂંફ અને હિંમત આપે છે. એવી દિવ્યાંગ પાલક યોજનામાં રૂા.૧ લાખની અનુદાન રકમ આપી એમ્વીગર ઓરગેંનિક પ્રા.લિમીંટેડ Amvigor Organics Pvt. Ltd. એ નામ નોંધાયું તથા ડૉ.ધીરેનલાલ શાહ અને શ્રીમતી સુષ્મા ધીરેન શાહ જખૌ-યુએસએ રૂા.૨૫ હજાર અનુદાન રાશિ નોંધાવી દિવ્યાંગ શક્તિ યોજનામાં નામ દર્જ કરાવ્યું છે.

પવિત્ર પર્યુષણ પર્વના મંગલ પ્રસંગે સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓને આધારરૂપ બની આત્મીય સ્વજન થયા છે. તેમની ભાવના શત શત વંદન કરી આભાર ભાવ વ્યક્ત કરીએ છીએ.

શ્રી અનંતનાથાય નમઃ

સર્વે જ્ઞાતિજનોને શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના

"મિચ્છામિ દુક્કડમ"

KDO SANJIVANI

સંજીવની પેટ્રન યોજના

આપણા સમાજના આર્થિક રીતે નબળા વર્ગના કોઈ પણ પરિવારને ગંભીર માંદગીની સ્થિતિમાં આર્થિક સહાય કરવા માટેની યોજના

KDO દિવ્યાંગ

દિવ્યાંગ પાલક-શક્તિ યોજના

દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજ અને જ્ઞાતિજનની જવાબદારી છે.

स्वाभिमान

ધન્વંતરિ યોજના

આ યોજના હેઠળ જ્ઞાતિના જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનોને દર મહિને રૂપિયા 1000 સુધીની દવા માટેની સહાય તેમજ વોકિંગ સ્ટીક, વોકર, કમર પટ્ટા વગેરે ની પણ સહાય આપવામાં આવે છે.

KDO JAIN GLOBAL CARD | KDO UDAAN | KDO BUSINESS | Venture Katalyst | KDO Swaroj | SAMAST MAHAJAN MEDIA COMMITTEE

જય જ્ઞાતિ મૈયા...ચાલો સૌ સાથે કરીએ જ્ઞાતિની સેવા

વધુ વિગત માટે સંપર્ક: +91 75060 70851


# ચાલીસગામ સંઘમાં કલ્પસૂત્ર પધરામણી ભવ્ય ભાવ સાથે થઈ





ખાનદેશ પ્રદેશના ચાલીસગામ સંઘમાં પર્યુષણ પર્વ અદ્‌ભૂત ધર્મ ભાવના લાભની લહાણી સાથે જપ, તપ આરાધના સાથે થઈ રહ્યાં છે. તા.૨૬ ઓગસ્ટ શુક્રવારના ત્રીજા દિવસે કલ્પ પધરામણી ભવ્ય ભાવ સાથે થઈ. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ માતુશ્રી માધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવાર કોઠારાએ લીધો.

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરે પોથી જાગરણ

તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરે પોથી જાગરણ કરાયું. લાભાર્થી પરિવાર શ્રી જૈન બટન હાઉસ તીરૂપુર હતા.



# યવતમાલ સંઘમાં કલ્પસૂત્રનો વરઘોડા અદ્‌ભૂત પૂર્વ ભાવ સાથે થયો





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ યવતમાલમાં કેશરીયા ભવનથી લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતિબેન કેશવજીભાઈ ધરમશીના નિવાસ સુધી કલ્પસૂત્ર પોથીનો વરઘોડો અદ્‌ભૂત ભાવ સાથે નીકળ્યો હતો.

# પર્યુષણ પર્વ પ્રસંગે આરતી તથા ભક્તિ સંગીતનું યુટ્યૂબ ઉપર રોજ ઓનલાઈન લાઈવ પ્રસારણ



પ્રભુ ભક્તિ કેરો વરસાદ દેશ વિદેશ વરસાવવા પર્યુષણના મહાપર્વમાં સહુ જ્ઞાતિજનો ઘેરબેઠા આરતી તથા ભક્તિ સંગીતનો લાભ લઈ શકે તે માટે શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા યુટ્યૂબના માધ્યમથી રોજ રાતે ૮.૩૦ થી ૧૦ કલાક સુધી જીગીષા રાંભિયા સોની તથા સાથી કલાકારોના સંગાથે ભક્તિ ભાવનાનું જીવંત પ્રસારણ કરાશે. આ ભક્તિ ભાવનામાં રોજ વિશાળ સંખ્યામાં જોડાઈને પ્રભુ ભક્તિમાં લીન થઈ મન પ્રફુલ્લિત કરી હૈયું આનંદ વિભોર કરી ભક્તિ રસમાં ભીંજાવવા તૈયાર થઈ જાવ.

પ્રથમ દિવસ બુધવાર તા.૨૪ ઓગસ્ટના ૧.૫૬ કલાકનો યુટ્યૂબ લિન્ક https://youtu.be/FiHZwrKWcWw ઉપર જોઈ માણી ભક્તિ ભાવમાં રસ તરબોળ થઈ શકાશે.

# તિરૂપુર સંઘમાં પર્યુષણ પર્વના ચતુર્થ દિવસે મોક્ષતપ આરાધના કરાઈ




દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘમાં પર્યુષણ પર્વના ચતુર્થ દિને મોક્ષ તપ આરાધના ૬૫ જણે કરી હતી અને છુટક એકાસણા ૬૦ જણ કરેલ હતા.

# અનંતનાથ કોમ્પલેક્સના કદઓ જૈન સંઘ કાંજુરમાર્ગમાં કલ્પસૂત્ર પોથી પધરામણીનો વરઘોડો







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ સંઘના અનંતનાથ કોમ્પલેક્સમાં કલ્પસૂત્ર પોથી પધરામણીનો કોમ્પલેક્સ પ્રાંગણમાં વાજતે ગાજતે વરઘોડો નીકળ્યો હતો. પોથી પધારવવાના લાભાર્થી પરિવાર માતુશ્રી ખમાવંતી વાલજી ખોના સાયરા તથા પોથી વહોરાવવાના લાભાર્થી પરિવાર કંચનબેન મણિલાલ લોડાયા સાયરા હતા.

---

# મુલુંડ પૂર્વ સંઘમાં શ્રી ભક્તામર પૂજનનું આયોજન ધર્મભાવ સંગે સંપન્ન થયું





તા.૨૦ ઓગસ્ટ શનિવાર રોજે મુંબઈ સેન્ટ્રલ રેલ્વે વિભાગના મિની કચ્છ કહેવાતા મુલુંડ (પૂર્વ) સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કિર્તનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની શુભકારી નિશ્રામાં શ્રી ભક્તામર પૂજનનું આયોજન વિધિકાર પ્રવીણભાઈ સાવલાના સથવારે કરાયું. સંઘના ધર્મ ઉત્સાહિત શ્રાવક શ્રાવિકાઓ સંગાથે જોડાઈ ધર્મ આરાધનાનો ધન્ય લાભ લીધો હતો.



# કોઈમ્બતુર સંઘમાં શ્રી મુનીસુવ્રત સ્વામીના ૧૮ અભિષેક થયા





દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના કોઈમ્બતુર નગર સંઘમાં શ્રી મુનીસુવ્રત દાદાના ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ અનન્ય ધર્મ ભાવ સાથે અને સંઘના શ્રાવક શ્રાવિકાઓના સહભાગ સાથે ધન્ય ધન્યતા સાથે કરાઈ હતી.

---

# રાયધણજર તીર્થે સ્નાત્રપૂજા, વર્ધમાન શક્રસ્તવ અભિષેકની ધર્મ આરાધનાઓ થઈ

કચ્છ પ્રદેશના અબડાસા વિભાગમાં આવેલા રાયધણજર નગર તીર્થના ૨૩૪ વર્ષ પ્રાચીન જિનાલયે પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંગીતકાર નિકેશ દેઢિયાના સથવારે સ્નાત્ર પૂજા તથા વર્ધમાન શક્રસ્તવ અભિષેકની ધર્મ આરાધનાઓનું આયોજન કરાયેલ.

કચ્છમાં મૂળ સ્વરૂપના સૌથી પ્રાચીન જિનાલયમાં પ્રથમ નંબરે મોટી ખાખરનું જિનાલય આવે છે. જે લગભગ ૪૧૫ કે તેનાથી થોડા વર્ષે વધારે પ્રાચીન છે. ત્યારપછી ૨૩૪ વર્ષ પૌરાણિક જિનાલય રાયધણજર નગરનું છે. જે હજી તેના સ્વરૂપે જ છે. આવા અદ્‌ભૂત આરાધ્ય ધામ જિનાલયની મુલાકાત અવશ્ય લેવી જ જોઈએ.

---

# પરેલ સંઘમાં પ્રભુના પુષ્પ વધામણાં કરાયા અને 'નરકનો ઈન્ટરવ્યુ' નાટકની ભજવણી કરાઈ







મુંબઈ સેન્ટ્રલ વિભાગના ઉપનગર પરેલ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પ્રભુના પુષ્પ વધામણાં કરાયા અને નરકનો ઈન્ટરવ્યુ નામના નાટકની ભજવણી સંઘના બાળકો એ અદ્‌ભૂત અભિનય, ગીત અને સંવાદો દ્વારા કરી હતી.

# ક.દ.ઓ.જૈન સમાજ વડોદરામાં શાસન વંદનાનો કાર્યક્રમ ડેપ્યુટી પોલીસ કમિશનર સુ શ્રી પન્નાબેન મોમાયાની ઉપસ્થિતમાં થયો







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શાસન વંદનાનો કાર્યક્રમ આઈપીસી અધિકારી વડોદરા શહેરના ડેપ્યુટી પોલીસ કમિશનર સુ શ્રી પન્નાબેન મોમાયા સુથરીની પ્રમુખ ઉપસ્થિતિમાં સંપન્ન થયો. હર ઘર ધર્મ ધજા, ઘર ઘર ધર્મ ધજાના નારાથી સંઘનો સમગ્ર માહોલ ગાજી ઉઠ્યો હતો. જ્ઞાતિના નારી ગૌરવ રત્ન સમા પન્નાબેન મોમાયા પોતાની અધિકારીક વરદીમાં ધર્મ આસ્થા સાથે જોડાયા હતા.

# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

# સંજીવની કેસ નં.૮૫ની જરૂરિયાત રૂા.૪૪ હજાર માટેની ટહેલ પૂરી થતા કેસ બંધ કરાયો




૫૪ વર્ષીય શ્રીમતી આશાબેન હિરાચંદ લોડાયા કોઠારા, અંબરનાથમાં રહે છે. અતિ હાય પર પાય રેકિસયા અને તાવ સાથે માથાનો તીવ્ર દુખાવાની સારવાર માટે આર્શીવાદ હોસ્પિટલ અંબરનાથમાં એડમિટ છે. મંદાગ્નિ સાથે પેટમાં દુખાવો પણ છે. તેમને ટાઈફોઈડ હોવાનું નિદાન થયું છે.

આશાબેન તેમના પતિ અને પુત્ર સાથે રહે છે. પતિ હાર્ટ પેશન્ટ છે. પુત્ર નોકરી શોધી રહ્યો છે જેને લીધે હાલે આશાબેન પોતે એકમાત્ર કમાણી રળતાં સભ્ય છે. પરિવારની કોઈ ખાસ બચત નથી. તેમની સારવાર માટે રૂા.૪૪ હજારનો અંદાજ અપાયેલ છે. અચાનક આપદામાં આવી ગયેલ આશાબેન લોડાયાની પડખે ઊભી રહી તેમના બાંબેલી થઈએ અને આપણી યોગ્ય સમયની મદદથી તેઓ પુનઃ સ્વસ્થતા સાથે પોતાના જીવનમાં ગુંથાઈ જાય. સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની ઉત્તમ અને જ્ઞાતિજનો માટે આધારરૂપ સંજીવની યોજનામાં અપાતી યોગદાનની રકમ ૮૦જી અંતર્ગત ઈન્કમટેક્સમાં કરમાફીને પાત્ર છે. જે માટે અનુદાન આપનાર વ્યક્તિએ આધાર કાર્ડ તથા પેન કાર્ડની નકલ સાથે મોકલી જરૂરી છે.

તપ, જપ અને ધર્મ આરાધનાના પર્વ શરૂ છે. ત્યારે લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો આ યોગ ઉત્તમ છે.


આ અપીલનો એક જ દિવસમાં ઉત્તમ પ્રતિસાદે ઈચ્છિત રકમ જમા થઈ જતાં સદર કેસ બંધ કરાયો છે.

# દિગ્રસ સંઘમાં શ્રી ગુલાબ વિમલ કન્યા શ્રાવિકા જ્ઞાનસત્રનું આયોજન

શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠના ઉપક્રમે અને માર્ગદર્શનથી અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દિગ્રસ દ્વારા કારતક સુદ ત્રીજ તા.૨૭ ઓક્ટોબર ગુરૂવારથી કારતક સુદ આઠમ સોમવાર તા.૩૧ ઓક્ટોબર સુધીની શ્રી ગુલાબ વિમલ કન્યા શ્રાવિક જ્ઞાન સત્રનું આયોજન કરાયું છે. વાત્સલ્યમૂર્તિ પ.પૂ.સાધ્વી શ્રી વિમલગુણાશ્રીજી મ.સા.ના સશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પાવન નિશ્રા પ્રદાન કરશે. સંપૂર્ણ જ્ઞાન સત્ર શિબિરના લાભાર્થી સ્વ. રૂપચંદજી વાલચંદજી ઓસવાલના આત્મશ્રેયાર્થે ઓસવાલ પરિવાર દિગ્રસ છે.

જ્ઞાન સત્રની વિશેષતા ૧) સમ્યગ જ્ઞાનની સાથે જૈન ધર્મના સમ્યગ આચારોનું મહત્વ ૨) વર્તમાન કાળમાં શીઘ્ર વિકાસશીલ જગતમાં સ્ત્રીશક્તિનો સકારાત્મક ઉપયોગ ૩) આધ્યાત્મિક વિકાસની ભૂમિકાનું નિર્માણ એવમ અનેક જાણકારી સમયાનુસાર અપાશે.

**શિબિરની નિયામાવલિ :** વિદર્ભક્ષેત્રના દિગ્રસ જૈન સંઘમાં પાંચ દિવસીય જ્ઞાન સત્ર શિબિરમાં ૮ વર્ષથી ૪૦ વર્ષ મર્યાદાની બાલિકા કન્યા અને બહેનો ભાગ લઈ શકશે. શ્વેતાંબર જૈન સંઘના બધા સમુદાયની શ્રાવિકાઓ ભાગ લઈ શકે છે. ૧) ભાગ લેનાર શિબિરાર્થી પોતાની જરૂરિયાતની વસ્તુ સામગ્રી સાથે લાવવી. ૨) પૂજાના વસ્ત્ર, સામાયિક ઉપકરણ, પ્રતિક્રમણ, પુસ્તક અને સ્વંયની દવાઓ સાથે લાવવી. ૩) મર્યાદા યુક્ત વસ્ત્ર પરિધાન કરવું જરૂરી રહેશે. ૪) પૂજા કરવા સમયે શિર ઉપર ઓઢણી કે સાડીનો પાલવ અવશ્ય ધારણ કરવું. ૫) જ્ઞાન સત્રમાં ભાગ લેનાર બધી શિબિરાર્થીઓના મોબાઈલ કાર્યાલયમાં જમા રહેશે. સંપૂર્ણ દિવસમાં માત્ર ૧ કલાક પોતાનો મોબાઈલ ઉપયોગ કરવા દેવાશે. વિશેષ કામકાજ માટે પરિવારજન કાર્યકર્તાઓથી સંપર્ક કરી શકશે. ૬) શિબિર અધૂરી છોડીને જનારા શિબિરાર્થીને આવવા જવાના ટિકીટનો ખર્ચ સ્વયં વહન કરવું પડશે. ૭) શિબિર સત્રની માટે તા.૨૭ ઓક્ટોબર ગુરૂવારના સવારે ૯ કલાકે શિબિર સ્થળે પહોંચી આવવું.



श्री गुलाब-विमल कन्या/श्राविका ज्ञानसत्र

प्रवेश पत्र

आज्ञा एवं आशिष प्रदाता

साहित्य दिवाकर, अचलगच्छाधिपती,
प.पू.आ.भ.श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.

पावननिश्रा

वात्सल्यमुर्ति प.पू. श्री विमलगुणाश्रीजी म.सा. के सुशिष्या
प.पू. कल्पपूर्णाश्रीजी म.सा. आदि ठाणा

फोटो

शिबीरार्थी का नाम - ____

मुल वतन का नाम - ____ जन्म तारीख ____

पत्ता - ____

मोबाईल नं . ____ घर का संपर्क नं. ____

धार्मिक शिक्षण - ____

व्यवहारिक शिक्षण - ____

मुझे उपरोक्त नियम मंजुर है।

Gaurdian Signature | शिबीरार्थी की सही

:: अधिक जानकारी हेतू संपर्क ::

हितेश लक्ष्मीचंद काराणी 9518957432 | सौ. केजल पलक गड्डा 9960703969 | मेहूल दिपक गड्डा 9423134313

**વિશેષ માર્ગદર્શન**

૧) શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક શિબિરાર્થીને ટ્રેનનો સ્લિપર ક્લાસ અથવા બસનો ભાડું અપાશે. ૨) પ્રવેશ ઓનલાઈન લિંક https://forms.gle/79FiXcZxRgL9o1387 ઉપર કરી શકાશે અથવા પ્રવેશ પત્ર ભરી તેનો ફોટો વોટસએપ નં.૯૪૨૩૧૩૪૩૧૩ પર મોકલવો. ૩) પ્રવેશ પત્ર સાથે ડિપોઝીટ રૂ.૫૦૦ ભરવી અને પેમેન્ટની સૂચના ૯૪૨૩૧૩૪૩૧૩ ઉપર વોટસએપ મેસેજ દ્વારા આપવી. આ ડિપોઝીટ રકમ શિબિર પૂર્ણાહૂતિના સમય શિબિરાર્થીને પાછી અપાશે. ૪) શિબિર પૂર્ણાહૂતિ બાદ તા.૧ નવેમ્બર મંગળવારના શિબિરાર્થીઓને શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ શિરપુર તીર્થની યાત્રા કરાવાશે. ૫) પ્રવેશ પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૦ સપ્ટેમ્બર છે.

વધુ વિગત માટે સંપર્ક હિતેશ લક્ષ્મીચંદ કારાણી-૯૫૧૮૯૫૭૪૩૨, શ્રીમતી કેજલ પલક ગડા-૯૯૬૦૭૦૩૯૬૯, મેહુલ દિપક ગડા-૯૪૨૩૧૩૪૩૧૩

# ડોંબિવલી સંઘમાં બાલિકાઓ માટે કેરિયર ગાઈડન્સ સેમિનારનું ભવ્ય આયોજન

દિકરીએ ઘરની લક્ષ્મી, ઘરની આબરૂ છે. માતા-પિતાની રોશની છે. અનુપમા દેવીની વંશ પરંપરા તો ભવ્ય ઈતિહાસનું સર્જન કરી શકે એવી અપાર શક્તિ ધરાવે છે. પણ જો કોલેજ લાઈફ, ટી.વી.ચેનલ, ફેસબુક મોબાઈલમાં અટવાઈ જાય તો આ લાભ ગુમાવી દે છે.

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે કારતક સુદ ૨ બુધવાર તા.૨૬ ઓક્ટોબરથી કારતક સુદ ૧૦ બુધવાર તા.૨ નવેમ્બર સુધીની દિવાળી વેકેશનમાં ૧૩ વર્ષથી ૨૫ વર્ષ સુધીની બાલિકાઓ માટે કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની પ્રવર્તિની પ.પૂ.સાશ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા, પ્રવચનકાર પ.પૂ.સધમધ્વી શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બાલયુવા સંસ્કારદાત્રી પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ની પાવન નિશ્રામાં કરાયું છે.


આવો સમયસર સાવધાન બની ગુરૂ ભગવંતોની પાવન સભર નિશ્રામાં પરિવારના દિકરીઓને સેમિનારમાં મોકલી સંસ્કાર બીજનું વિશિષ્ટ વાવેતર કરી દિકરીઓનું જીવન ધન્ય ધન્ય બનાવીએ. વધુ માહિતી માટે સંપર્ક ૮૪૨૨૯૦૦૯૯૨

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લિલાવંતી લોડાયા**
તા.૨૧ ઓગસ્ટ (ઉ.૮૨)
તેરા-અમરાવતી



**મણીકાંત વિકમશી**
તા. ૨૨ ઓગસ્ટ (ઉ.૮૦)
પરજાઉ-ભાંડુપ



**નુરેશ મોમાયા**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૬૪)
વરાડીયા-કાંજુરમાર્ગ



**જયલક્ષ્મી લોડાયા**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૮૦)
સુજાપર-નાસિક





**ઉમરશી મોતા**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૮૩)
કોઠારા-ડોંબિવલી (પૂ)



**અમિત લુઠિયા**
તા.૨૬ ઓગસ્ટ (ઉ.૪૩)
ખાવડી નાની-બેંગલોર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● યોગ અભ્યાસમાં ક્લેપીંગ થેરેપીનું ખાસ મહત્વ છે. અંજારના યુવાન વિરલ બાબુભાઈ હડિયાએ સતત ત્રણ કલાક ૧૦ મિનિટમાં ૩૩૫૦૦ વખત ટુ હેન્ડ ક્લેપીંગ તાળી પાડવાનો વિક્રમ કર્યો જે માટે યોગ વર્લ્ડ બુક દ્વારા ફાસ્ટેસ્ટ પરફોર્મન્સ ઓફ યોગ ક્લેપીંગનો એવોર્ડ એનાયત કરાયો તથા ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં પણ તેમનું નામ અંકિત કરવામાં આવ્યું હતું. વિરલભાઈ આદિપુર ગાંધીધામમાં યોગાભ્યાસ કરાવે છે. નેશનલ હ્યુમન રાઈટસ ડિફેન્ડર્સ ઓફ ઈન્ડિયાએ પણ તેમને મેડલ અને સર્ટિફિકેટથી સન્માનિત કર્યા હતા.

● ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના સંદર્ભમાં રાષ્ટ્રીય સ્તરે યોજવામાં આવેલી રંગોળી સ્પર્ધામાં રાજ્યના સૌથી જૂના ભુજ સ્થિત કચ્છ સંગ્રહાલયની રંગોળીને બીજા નંબરનું પારિતોષિક જાહેર કરવામાં આવ્યું. સંગ્રહાલયના ક્યુરેટર ડૉ.શેફાલિકા અવસ્થીના માર્ગદર્શન હેઠળ કચ્છ સંગ્રહાલયના કર્મચારી રીટા ભાવિક ગડાનએ બનાવેલી રંગોળીમાં ભારતની સંસ્કૃતિ, પ્રાકૃતિક સુંદરતા, રાષ્ટ્રીય એકતા તથા સર્વધર્મ સમભાવની ભાવનાને વણી લેવામાં આવી હતી. વિજેતાને ભારત સરકાર દ્વારા રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરાશે.

● ભુજ તાલુકાના પટેલ ચોવીસીના ગામ ભારાસર ગામને પુનઃ ઉપયોગી જળ વ્યવસ્થાપન માટે સિસલ્સ સ્થિત ગામાઈ વિશ્રામભાઈ જાદવા વરસાણી તરફથી રૂ.૧.૨૫ કરોડનો સહયોગ પ્રાપ્ત થતાં કચ્છનું પ્રથમ ગામ બન્યું છે. ૧૫૦ ઘરોને દાતા દ્વારા શૌચાલય અને ગામને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ભેટ મળી છે. કચ્છનું એવું આ પ્રથમ ગામ છે. જેને ઘર ઘર શૌચાલય અને તમામ ઘરોનું વપરાયેલું પાણી પુનઃ ઉપયોગમાં લેવાતું હોય.

● ભુજની જૂની શાક માર્કેટ પાસે ડાંડા બજારની શ્રીનાથજી સ્વીટસ નામની મીઠાઈની દુકાન વિતેલા ૭૫ વર્ષથી દુકાને કોઈ દરિદ્રનારાયણ કે કોઈ રખડતા ભટકતા માનસિક વિક્ષિપ્ત વ્યક્તિ આવે એની ઈચ્છા પડે એ મીઠાઈ માગે એટલા પ્રમાણમાં અપાય છે. મૂળ માલિક જયંતિલાલ રતનશી જોશી અને ૪૦ વર્ષથી દુકાન સંભાળે છે માતાના મઢથી આવેલા તેમના જમાઈ પ્રદીપ ઈશ્વરલાલ છાગાણી. માંગનાર પણ એક જ વાર આવે અને જેટલું જોઈએ એટલી મીઠાઈ કે ફરસાણ પામે છે. દુકાનદાર કદી ત્રાજવા સામે જોઈ આપતા નથી. આ સેવાના સંતોષરૂપે દિન દુગની રાત ચોગુની બરકત મળી છે એવું પણ વેપારીનું કહેવું છે.

● ભુજમાં લમ્પિ ગ્રસ્ત ગૌવંશો માટે ભુજ સુધરાઈ તથા જીવદયા પ્રેમી યુવાઓ દ્વારા કારોબારી ચેરમેન દ્વારા ફાળવાયેલી કોડકી રોડ સ્થિત જમીન પર આઈસોલેશન વોર્ડ શરૂ કરી પશુઓની સારવાર ચાલુ કરાઈ છે. છેલ્લાં કેટલા દિવસથી લમ્પિ રોગને લીધે ગૌજીવોનો મૃત્યુ આંક વધતા તંત્ર સફાળું જાગ્યું છે અને પશુઓને બચાવવા પ્રયત્નો આદર્યા છે.

● રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી કિરીટ સિંહ રાણાએ નલિયા ખાતે વન વિભાગની દક્ષિણ રેન્જની મુલાકાત લઈને ઘોરાડ પક્ષી રેન્જની મુલાકાત લઈ ઘોરાડ પક્ષી દર્શન કર્યું હતું. સરકાર દ્વારા ઘોરાડના સંરક્ષણ માટે લેવાયેલ પગલાંઓની મંત્રીઓ સમીક્ષા કરી હતી. આ અવસરે કચ્છ પશ્ચિમ નાયબ વન સંરક્ષક યુવ રાજસિંહ ઝાલા, ભુજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર સહિત વન રક્ષક અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

● નવા રાષ્ટ્રપતિ પદગ્રહણ કરે તે પહેલા બે દિવસ અગાઉ પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદથી વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સુધીના તમામ મહામહિમનો આવાસ બનેલ રાષ્ટ્રપતિ ભવનના ઈતિહાસને આવરી લેતા નાટકનું મંચન રાષ્ટ્રપતિ ભવનમાં થયું. જેમાં કચ્છી સંગીતકાર પિતા-પુત્ર ઉતંક અને ઉર્વાક વોરા એ તેમાં સંગીતનો સાથ આપ્યો હતો. હિંદી નાટકને નિવૃત્ત થતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકટા નાયડુ અને રાજ્યના રાજ્યપાલોએ નિહાળ્યું હતું અને દેશની આઝાદીના અમૃત વર્ષની ઉજવણીના ભાગ રૂપે તૈયાર થયેલ. આ નાટકનું નિર્માણ પ્રખ્યાત ગુજરાતી અભિનેતા મનોજ જોશીના પત્ની ચારૂ જોશીએ કર્યું હતું. જ્યારે ક્રિએટીવ ડાયરેક્ટર તરીકે મનોજ જોશી હતા.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઇ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

| | | |
|---|---|---|
| વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે. | પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે. | કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે. |

સાથે જોડાણમાં

ACBL Estd 1984
**ARIHANT BANK**
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઇપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર 86526 30384 | માટુંગા (સે.રે.) 86526 30389 | ઘાટકોપર 86526 30383 | ભાંડુપ 86526 30381 | મુલુંડ 86526 30382 |
| થાને 86526 30388 | ડોંબીવલી 86526 30386 | બોરીવલી 86526 30390 | મોહીલી વિલેજ 86526 30385 | વાશી 86526 30387 |

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




**RAJESH MOMAYA**

9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)